# ચુંટણી જંગ : સાબરકાંઠા ડિવિઝનની ૩૩૯ એસ.ટી. બસ ચુંટણીલક્ષી કામમાં રિઝર્વ

## મતદાન મથકે ચુંટણી સ્ટાફ લાવવા-લઈ જવા આગોતરું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો ઢોલ પીટાતાં રાજકીય માહોલ ચરમસીમા તરફ જઈ રહ્યો છે. તાલુકા પંચાયત, મામલતદાર અને પ્રાંત કચેરીનો સ્ટાફ ચુંટણીલક્ષી કામગીરીમાં ગળાડૂબ થયા પછી હવે ચુંટણી કર્મચારીઓનો મતદાન મથક પહોંચાડવા અને પરત લાવવા માટે એસટીની સેવા માંગવામાં આવી છે. સાબરકાંઠા ડિવિઝનની ૩૩૯ એસ.ટી. બસ ચુંટણીની કામગીરીમાં રિઝર્વ રાખવાની સુચના અત્યારથી આપવામાં આવી છે. તા.૨૮મીએ ચુંટણી યોજાવાની હોવાથી ચુંટણી શાખા દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



સરકારી કાર્યક્રમો અને ચુંટણી સમયે સલામત સવારી ગણાતી એસ.ટી.ની સેવાઓ લેવામાં આવતી હોવાથી અસંખ્ય રૂટ રદ થવાથી આમ મુસાફરોને મુશ્કેલીમાં મુકાવું પડતું હોય છે. જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી જાહેર થતાં ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા જંગ જીતવા માટે એડીટોચનું જોર લગાવવામાં આવી રહ્યું છે. મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી સંપન્ન થાય તે માટે ચુંટણી વિભાગ દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી છે. ચુંટણી કર્મચારીઓનો મતદાન મથક પહોંચાડવા અને ત્યાંથી પરત લાવવા માટે એસ.ટી. બસની વધુ જરૂરીયાત રહેતી હોવાથી ચુંટણી વિભાગ દ્વારા એસ.ટી. સેવાની જરૂરીયાત ચકાસી બંને જિલ્લામાં યોજાનાર ચુંટણીમાં કુલ ૩૩૯ એસ.ટી. બસો જરૂરી હોવાથી એસ.ટી. વિભાગને બસ રિઝર્વ રાખવા માટે તાકિદ કરવામાં આવી છે. જિલ્લામાં હિંમતનગર એસ.ટી. ડિવિઝન સંલગ્ન બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, વિજાપુર, માણસા સહિતના બસ ડેપોની કાયમી રૂટની એસ.ટી.બસ ચુંટણીલક્ષી કામગીરીમાં દોડાવાશે જેના કારણે મતદાનના દિવસે અનેક ગ્રામ્ય વિસ્તારના રૂટ રદ થવાથી મુસાફરો મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

# સત્તા મળી તો મિલકત વેરો ૫૦ ટકા ઘટાડીશું : કોંગ્રેસ

## કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો : ગીચ વિસ્તારમાંથી BRTS હટાવાશે, ફ્રી પાર્કિંગ મળશે : શહેરોમાં વાઈ-ફાઈ ઝોન અને યુદ્ધના ધોરણે રિપેર થશે તૂટેલા રસ્તા

અમદાવાદ,તા.૧૧

અમદાવાદ સહિતની રાજ્યની મહાનગરપાલિકાઓ તેમજ પાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે કોંગ્રેસ દ્વારા ચૂંટણીનો ઢંઢેરો જાહેર કરાયો છે. પક્ષે ચૂંટણી ઢંઢેરાને શપથ પત્રનું નામ આપતા જણાવ્યું છે કે, તે સત્તામાં આવતા જ પોતે આપેલા એકેએક વચનનું પાલન કરશે. કોંગ્રેસ દ્વારા કરાયેલી મહત્વની જાહેરાતોમાં તમામ શહેરીજનોને સરકારની સુવિધાઓ, સેવાઓ તેમજ સ્કીમ્સ માટે ગુજરાઈટ કાર્ડ આપવાની, સત્તામાં આવ્યાના ચોવીસ કલાકમાં જ કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ પ્રથા નાબૂદ કરવાની, કોર્પોરેશનમાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી શરુ કરવાની, શહેરના જાહેર માર્ગો પર એર પ્યુરિફાયર લગાવવાની, મફતમાં ઈંગ્લિશ મિડિયમમાં શિક્ષણ આપવાની જાહેરાતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં પ્રોપર્ટી ટેક્સમાં ૫૦ ટકા સુધી ઘટાડો કરવા, કોરોના કાળમાં આર્થિક નુકસાન ભોગવનારા વેપારીઓને ૧ વર્ષ માટે ટેક્સમાં રાહત આપવા, તમામ શહેરોમાં ફ્રી વાહન પાર્કિંગ તેમજ




ફ્રી વાઈફાઈ ઝોન શરુ કરવાની પણ જાહેરાતો કરાઈ છે. મોટાભાગના શહેરોના કેટલાક વિસ્તારોમાં પાણીનો કકળાટ આજે પણ જોવા મળે છે. તેવામાં કોંગ્રેસે આ સમસ્યાને ઉકેલવાની અને પાણીની બચત કરનારા શહેરીજનોને મફતમાં પાણી આપવાની જાહેરાત કરી છે. નવા વિસ્તારોમાં જ્યાં સુધી નર્મદાનું પાણી ના આપી શકાય ત્યાં સુધી વોટર ટેક્સમાં રાહત અપાશે તેવી પણ પક્ષે જાહેરાત કરી છે. સોસાયટીઓમાં નિયમિત સફાઈ માટે વૈજ્ઞાનિક ઢબે આયોજન, કાયમી સફાઈ કર્મચારીઓની નિમણૂંક, સફાઈકર્મીઓને તેમના ઝોનમાં ક્વાર્ટર આપવાનું, જાહેર જગ્યાઓ પર સ્વચ્છ અને ફ્રી પબ્લિક ટોઈલેટનું નિર્માણ કરવાનું પણ પક્ષ દ્વારા વચન આપવામાં આવ્યું છે. અમદાવાદ માટે માથાનો દુ:ખાવો બનેલા પીરાણાના કચરાના ડુંગરનો આંતરરાષ્ટ્રીય ધારાધોરણ અનુસાર નિકાલ લવાશે તેમ પણ પક્ષે જણાવ્યું છે. શહેર હોય કે ગામડાં, ચોમાસામાં ઘણા રસ્તા ધોવાઈ જતાં હોય છે. આ મુદ્દાને ઉઠાવતા કોંગ્રેસે જાહેરાત કરી છે કે જો તેને સત્તા મળી તો તમામ તૂટેલા રસ્તાને યુદ્ધના ધોરણે રિપેર કરવામાં આવશે. તેમજ ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખતા ગીચ વિસ્તારોમાંથી બીઆરટીએસ હટાવાશે તેવું ચૂંટણી વચન પણ પક્ષે આપ્યું છે. આરોગ્ય સેવા માટે પક્ષે દરેક વોર્ડમાં તિરંગા હેલ્થ ક્લિનિક ખોલવાનું વચન આપ્યું છે. આ ઉપરાંત, કોર્પોરેશન સંચાલિત હોસ્પિટલોમાં હૃદયરોગ, કિડની જેવી ગંભીર બીમારીની સારવાર લેતો દર્દી સામાન્ય ના થાય ત્યાં સુધી તેને ટ્રીટમેન્ટ અપાશે, અને ખાસ તો અમદાવાદ માટે વીએસ હોસ્પિટલને ફરી કાર્યરત કરાશે તેવી પણ પક્ષે જાહેરાત કરી છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ સહિતની સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર એમ કુલ છ મહાનગરપાલિકાઓમાં ૨૧ ફેબ્રુઆરીના રોજ મતદાન થવાનું છે. જેની મતગણતરી ૨૩ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે. જ્યારે ૮૧ પાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણી ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાશે, અને તેની મતગણતરી ૦૨ માર્ચના રોજ થશે. બે તબક્કામાં યોજાનારી ચૂંટણીમાં બીજા તબક્કાની ચૂંટણી પહેલા જ પહેલા તબક્કાનું પરિણામ જાહેર કરવા બાબતે હાઈકોર્ટમાં પિટિશન પણ કરાઈ છે.

# સ્થાનિક સ્વરાજ્યનો ચુંટણી જંગ : ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તારોમાં મોટાપાયે દારૂ ઠલવાયાની આશંકા

## છેલ્લાં એક સપ્તાહમાં લાખોનો વિદેશી દારૂ પોલીસે ઝડપ્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

ઉત્તર ગુજરાતની ૪ જિલ્લાની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, મુદત પૂર્ણ કરતી નગરપાલિકાની તા.૨૮મી ફેબ્રુઆરીએ ચુંટણી યોજાવાની છે ત્યારે ચુંટણી અગાઉ ઉત્તર ગુજરાતના સરહદી વિસ્તારોમાં મોટા પાયે દારૂ ઠલવાયાની આશંકા છે. છેલ્લા એક સપ્તાહમાં શામળાજી, હિંમતનગર, મેઘરજ પોલીસે વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો છે. પરંતુ તે માત્ર આચમનરૂપ જથ્થો છે. પરંતુ કરોડોનો વિદેશી શરાબ સરહદી વિસ્તારોમાં ઠલવાતા ચુંટણીના મતદાન અગાઉ દારૂની મોટા પાયે રેલમછેલ થઈ શકે છે.

રાજયમાં વિધાનસભા, લોકસભા કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય એટલે દારૂની હેરાફેરી રોકવા માટે ચૂંટણીપંચ આદેશ કરતું હોય છે.

પોલીસ ઉપર બુટલેગરોના હુમલો ઘણું બધું કહી જાય છે છતાં સરકાર અને તેનો ગૃહ વિભાગ સત્ય સ્વીકારવા તૈયાર નથી. રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, પાટણ અને મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો ખરાખરીનો જંગ જામ્યો છે. ચૂંટણી દરમ્યાન દારૂ પીવડાવીને મતદારોને ખરીદવાના આક્ષેપો પણ અત્યારથી થઈ રહ્યા છે. જેથી દારૂના વેચાણ ઉપર અંકુશ મૂકવામાં આવ્યો છે. મોટાભાગના રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોને જીતાડવા માટે દારૂની રેલમછેલ સાથે મની મસલ્સ પાવરનો ભરપૂર ઉપયોગ કરાશે. પરંતુ આશ્ચર્ય વચ્ચે ચૂંટણી જંગ પરાકાષ્ટાએ પહોંચે તે અગાઉ સાબરકાંઠા, અરવલ્લી સહિત અન્ય જિલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં જે રીતે પોલીસ દારૂ ભરેલાં વાહનો પકડી રહી છે અને તેનાથી ૨ થી ૩ ગણાં વાહનો આસાનીથી સરહદી ગામડાઓમાં ઠલવાઈ રહ્યાં છે તેને લઈને ચૂંટણી જંગ માટેનો લાખો-કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ૪ જિલ્લામાં ઠલવાયાની આશંકા વધુ પ્રબળ બની છે.

# સાબરકાંઠામાં ખનીજ ચોરી સામે તંત્રની લાલ આંખ

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લામાં કેટલેક ઠેકાણે ખનીજના ઈજારદારો ગમે તે ભોગે તંત્રની આંખમાં ધુળ નાખીને ખનીજચોરી કરે છે ત્યારે સાબરકાંઠા ખાણ ખનિજ વિભાગ ધ્વારા બે દિવસમાં આવા ખનીજ ચોરો સામે ૧૩ કેસ કરીને અંદાજે ૧૮ લાખની વસુલાત કરીને તંત્રની આવકમાં વધારો કર્યો છે.

**બે દિવસમાં ૧૩ કેસ કરી ૧૮ લાખની વસુલાત**

આ અંગે સાબરકાંઠાના ભુસ્તરશાસ્ત્રી સુભાષભાઈ જોષીના જણાવાયા મુજબ છેલ્લા કેટલાક દિવસથી ખાણ ખનિજ વિભાગ ધ્વારા સઘન ચેકીંગ શરૂ કરાયુ છે ત્યારે કેટલાક ઈજારદારો રોયલ્ટી પાસ વગર રેતીનું વહન કરતા હોવાની માહિતી મળતા વિભાગના ઈન્સ્પેકટરોએ બે દિવસમાં હિંમતનગર તયા પ્રાંતિજ તાલુકા સહિત અન્ય સ્થળે ડ્રોન કેમેરાઓની મદદથી તપાસ આરંભી હતી. જેના ભાગરૂપે અલગ અલગ સ્થળેથી ૧૩ જણાને ફક્ત બે દિવસમાં પકડી લઈ તેમના વાહનો સીઝ કરવામાં આવ્યા હતાં. અને તેમની પાસેથી અંદાજે ૧૮ લાખની વસુલાત કરવામાં આવી હતી. મંગળવારે પ્રાંતિજ તાલુકાના તાજપુર પાસેથી ખનીજ ચોરી કરતી ત્રણ ટ્રકોને રેતીના જથ્થા સાથે ઝડપી લેવામાં આવી હતી.

આમ ચાલુ વર્ષે ખાણ ખનિજ વિભાગ ધ્વારા અંદાજે ૨૦૬ ખનીજ ચોરોને પકડો તેમની પાસેથી અંદાજે ૩૩૯ લાખની વસુલાત કરાઈ છે જેના લીધે ખનીજ માફીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

### બાયડ પાલિકાનો ચુંટણી જંગ

# કોરોના સમયે વહેપારીઓ અને ટિફીન સેવા આપનારાઓને હેરાન કરનારા સામે જબ્બર આક્રોશ

## મતદારો તા. ૨૮ ફેબ્રુઆરી કચકચાવીને મતદાન કરશે..!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

બાયડ પાલિકાનો ચુંટણી જંગ ઉમેદવારોના નામ જાહેર કર્યા વગર જ બરાબરનો જંગ જામ્યો છે. આજે સાંજ સુધીમાં ભાજપ-કોંગ્રેસ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી શકે છે. કોરોના સમયે વહેપારીઓ અને ટિફીન સેવા આપનારા યુવાનોને જે રીતે હેરાન-પરેસાન કરવામાં આવ્યા હતા. તેમની સામે જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે. મતદારો ભલે મૌન બન્યા હોય પરંતુ તા.૨૮ ફેબ્રુઆરીએ કચકચાવી મતદાન કરી પોતાનો મિજાજ દેખાડશે તેવું સાંભળવા મળી રહ્યું છે.

બાયડ પાલિકાની સત્તા હાંસલ કરવા માટે ભાજપ અને કોંગ્રેસની છાવણીએ છેલ્લા બે મહિનાથી ભૂગર્ભમાં તૈયારીઓ શરૂ કરી હતી. બાયડ પાલિકામાં ભાજપે વર્તમાન કોર્પોરેટરમાંથી એકાદ-બે કોર્પોરેટરોને રીપીટ કરી શકે છે. પાછલાં ૫ વર્ષમાં પાલિકાના શાસનમાં કેવા કેવા વળાંક આવ્યા ? તે પ્રજાએ અને મતદારોએ નિહાળ્યા પછી હવે બસ થયું અમે હવે નિર્ણય કર્યો છે કે બાયડ પાલિકાનું સોપાન કોણે સોંપવું તેવું યુવાન મતદારોએ મનોમન નક્કી કરી લીધુ છે. કોરોના સમયે વહેપારીઓને અનેક પ્રકારની હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે કોરોના કપરાં કાળમાં અનેક શ્રમજીવીઓએ માદરે વતનની વાટ પકડી, ત્યારે બાયડમાં સેવાભાવી યુવાનોએ બાયડમાંથી પસાર થતા શ્રમજીવીઓ તેમજ હોસ્પીટલમાં સારવાર લેતા દર્દીઓ અને તેમના સગાંઓ માટે સવાર સાંજ ટિફીનની વ્યવસ્થા કરી માનવતા જતાવી હતી પરંતુ બાયડ પાલિકાની ચુંટણી આવી રહી છે જેથી ટિફીન સેવા આપનારા પ્રજાના મનમાં લોકપ્રિય થઈ જશે તેવી દહેશતથી પીડાઈ તેમને હેરાન કરવામાં આવ્યા હતા. જે-તે સમયે આવી હેરાનગતિ કરનારાઓ સામે રોષ જોવા મળ્યો હતો. પરંતુ સમય આવે બધાનો હિસાબ થઈ જતો હોય છે. તે ઉક્તિ અનુસાર સેવાભાવી અને શાણા મતદારો કચકચાવીને મતદાન કરવાના મૂડમાં હોવાનો વર્તારો જોવા મળ્યો છે.

### બાયડ ગામમાં ગણેશ મહોત્સવમાં વિલન બનનારા સામે પણ આક્રોશ

બાયડ ગામમાં દર વર્ષે ભવ્ય ગણેશ મહોત્સવનું આયોજન થતું હોય છે. પરંતુ ગત વર્ષે કોરોનાના કારણે ગણેશ મહોત્સવના આયોજનો સાદગીપૂર્વક કરવા સૂચના આપવામાં આવી હતી. બાયડ ગામના યુવાનોએ કોરોનાનું સંક્રમણ પ્રસરે નહિ તે પ્રમાણે મૂર્તિનું સ્થાપન કર્યું હતું તેમ છતાં કોઈએ ફરિયાદનો મારો ચલાવી ગણેશ મહોત્સવની સાદગી પૂર્વક ઉજવણી ઉપર પૂર્ણવિરામ મૂકી દેવાનો પ્રયાસ કર્યો હતો. જેથી બાયડ ગામના યુવાનોએ પણ ગણેશ મહોત્સવ જેવા ધાર્મિક તહેવારમાં વિલન બનનારાઓને ચુંટણી દરમિયાન જાકારો આપવાનો નિર્ણય કર્યાનું જાણવા મળ્યું છે.

# શિક્ષણની સાથે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે દાયિત્વ નિભાવ્યું

## તક્ષશિલા વિદ્યાલય-બાયડ દ્વારા રામ મંદિર નિર્માણ માટે ૫૧ હજારનું દાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧

શિક્ષણની સાથે સમાજ અને રાષ્ટ્ પ્રત્યે દાયિત્વ નિભાવવામાં તક્ષશિલા વિદ્યાલય-બાયડના આદ્યસ્થાપક અતુલભાઈ બી. પટેલ, મેનેજીંગ ડાયરેક્ટર તપન પટેલ અને તેમનો પરિવાર હંમેશા અગ્રેસર રહ્યો છે ત્યારે અયોધ્યામાં ભવ્ય રામમંદિરનુ નિર્માણ કાર્ય શરૂ થયું છે જેમાં તક્ષશિલા વિદ્યાલય દ્વારા રૂા.૫૧ હજારનું મંદિર નિર્માણ માટે દાન આપી ધર્મ પ્રત્યેની આસ્થા વ્યક્ત કરી છે. અતુલભાઈ પટેલના મોટા પુત્ર તપન પટેલ અને પ્રેક્ષા પટેલની લગ્નતિથિ હોવાથી પ્રસંગ યાદગાર બન્યો હતો.

બાયડમાં સારા કાર્યો કરવા હોય તો પણ અડચણો ઉભી કરવામાં આવતી હોય છે ત્યારે તક્ષશિલા વિદ્યાલય-બાયડ બે દાયકામાં કેળવણીનું કબીરવડ બન્યું છે. શહીદ થયેલા વીર જવાનોના પરિવારોને મદદરૂપ થવાનું હોય કે પછી કોઈ લોક કલ્યાણનું કામ હોય તેમાં સંસ્થાના સ્થાપક અતુલભાઈ પટેલને તેમના પરિવારનો બાયડ તેમજ તાલુકાની પ્રજાને અમૂલ્ય સહયોગ મળતો આવ્યો છે. રામ મંદિર નિર્માણ કાર્યમાં પણ તેમના પરિવારના સભ્યો વાલી તરીકે જોડાયા છે. રામ મંદિરના નિર્માણ માટે સહયોગનિધિ શરૂઆત થઈ ત્યારથી તાલુકામાં ગામે-ગામ અમૂલ્ય સહયોગ મળવા લાગ્યો છે. તક્ષશિલા વિદ્યાલય-બાયડ પરિવારે પણ રામ મંદિર નિર્માણમાં અમૂલ્ય સહયોગ આપી અન્ય શૈક્ષણિક સંસ્થાઓને પ્રેરણા આપી છે. ચેક અર્પણ સમયે સંસ્થાના સ્થાપક અતુલભાઈ પટેલ, રેખાબેન પટેલ, તપન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.




# હિંમતનગરમાં લઘુમતી કોમના યુવકે દુષ્કર્મ કરતા ફરીયાદ નોધાઈ

હિંમતનગર, તા.૧૧

હિંમતનગર શહેરના એક ૩૦ વર્ષિય યુવતીને બે માસ અગાઉ લલચાવી ફોસલાવી તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરી યુવતીના ઘરે જઈ આ યુવકે અંદાજે ૧.૧૦ લાખની મત્તાની ચોરી કયની ફરીયાદ હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જુલાઈ ૨૦૨૦ માં હિંમતનગરમાં રહેતી એક ૩૦ વર્ષિય યુવતીને એક્ટીવા લેવાનું હોઈ તેના લીધે આ યુવતી લઘુમતી કોમના હિંમતનગર સ્થિત માય ઓન હાઈસ્કૂલ પાછળ રહેતા પોલોગ્રાઉન્ડ વિસ્તારના આફતાફહુસેન ગુલામ હુક્કા ના સંપર્કમાં આવી હતી. આ યુવતી અવારનવાર આ શખ્સના પરીચયમાં આવ્યા બાદ ગત તા.૧૪-૧૨-૨૦૨૦ ના રોજ બપોરના સુમારે આફતાફહુસેન યુવતીના ઘરે પહોચી ગયો હતો. અને બપોરના સુમારે એકલતાનો લાભ લઈ યુવતીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આયર્યુ હતું.

તો બીજી તરફ લઘુમતી કોમના આ યુવકે યુવતીના ઘરમાંથી અંદાજે ૧.૧૦ લાખની મત્તાની ચોરી પણ કરી લીધી હતી. તેમ છતા આ યુવક યુવતીને બ્લેક મેલીંગ કરતો હતો. જેથી યુવતીએ કંટાળીને આ યુવક વિરૂધ્ધ ગુરૂવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવતા પોલીસે યુવકની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસના જણાવાયા મુજબ લઘુમતી કોમના યુવકે યુવતીના ઘરમાં રખાયેલ તીજોરીમાંથી ૯૦ હજારના સોનાના દાગીના તથા ૨૦ હજાર રોકડની ચોરી કરી હતી.

# રાજ્યમાં કોરોના વાયરસના હાલ નવા ૨૮૫ કેસ નોંધાયા

## રાજ્યમાં ૨૪ કલાકમાં બે વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૨૫૮૨૭૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૯ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૨૮૫ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૩૦૨ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૫૮,૨૭૦ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. આજે એક દિવસમાં ૯૦૨ કેન્દ્રો પર ૨૭,૬૫૭ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું. આ પ્રકારે કુલ ૭,૪૧,૭૮૮ વ્યક્તિઓનું રસીકરણ પુર્ણ થયું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીની આડઅસર જોવા નથી મળી.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૭.૬૬ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. તો બીજી તરફ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કર્યા તે અંગેની માહિતી પણ આપવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. જો કે બીજી તરફ રાજ્યમાં આજે અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર, બોટાદ, છોટાઉદેપુર, ડાંગ, નર્મદા, પંચમહાલ, પાટણ, પોરબંદર, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડ એમ કુલ એમ કુલ ૧૩ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧,૭૮૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૦ છે. જ્યારે ૧,૭૫૧ લોકો સ્ટેબલ છે. ૨,૫૮,૨૭૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૯૯ લોકોનાં મોત નિપજ્યા છે. આજે કોરોનાના કારણે અમદાવાદ કોર્પોરેશન જિલ્લાનાં ૨ દર્દીના મોત નિપજ્યા હતા.

### ઈન્જેક્શન અપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને જો ઈન્જેક્શન લગાવવામાં ન આવે તો બાળકી ૧૩ મહિનાથી વધારે જીવી શકે તેમ નથી.

સ્પાઈનલ મસ્ક્યૂર અટ્રોફી નામની બીમારી થવા પર શરીરમાં પ્રોટીન બનાવનાર જીન ઉત્પન્ન નથી થતા. જેનાથી માંસપેશીઓ અને નસો ખતમ થવા લાગે છે. મગજની માંસપેશીઓની એક્ટિવિટી પણ ઓછી થવા લાગે છે. એટલા માટે શ્વાસ લેવા અને ભોજન ચાવવા સુધીમાં તકલીફ પડવા લાગે છે. એસએમએ ઘણા પ્રકારના હોય છે. આ બીમારીની સારવાર માટે ઈન્જેક્શન એટલું મોંઘું છે કે સામાન્ય માણસ માટે એને ખરીદવું શક્ય નથી. તીરાના પરિવાર માટે પણ આ મુશ્કેલી સામે ઊભી હતી. તેના પિતા મિહિર આઈટી કંપનીમાં જોબ કરે છે. માતા પ્રિયંકા ફ્રીલાન્સ ઈલેસ્ટ્રેટર છે. એવામાં તેમણે સોશિયલ મીડિયા પર એક પેજ બનાવ્યું અને આની પર ક્રાઉડ ફંડિંગ શરૂ કરી દીધું. અહીં સારો રિસ્પોન્સ મળ્યો અને અત્યાર સુધી લગભગ ૧૬ કરોડ રૂપિયા ભેગા થઈ ચૂક્યા છે. હવે આશા છે કે ઝડપથી ઈન્જેક્શન ખરીદી જઈ શકશે. બાળકીના પિતા મિહિરના જણાવ્યા મુજબ, તીરાનો જન્મ હોસ્પિટલમાં જ થયો હતો. તે ઘરે આવી ત્યારે બધું બરાબર હતું, પણ ઝડપથી સ્થિતિ બદલવા લાગી. માતાનું દૂધ પીતી વખતે તીરાનો શ્વાસ રુંધાવા લાગતો હતો. શરીરમાં પાણીની અછત થવા લાગતી હતી. એક વખત તો અમુક સેકન્ડ માટે તેના શ્વાસ થંભી ગયા હતા. પોલિયો વેક્સિન પીવડાતી વખતે પણ તેના શ્વાસ અટકી જતા હતા. ડોક્ટર્સની સલાહ પર બાળકીને ન્યૂરોલોજિસ્ટને બતાવ્યું ત્યારે તેની બીમારીની ખબર પડી.

### ધરપકડના સંકેત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ વાતચીતનો વિષય નથી. આ દેશનો કાયદો છે અને જો કોઈને અમારી કાર્યવાહીથી પરેશાની છે તો તમે કાયદાનો રસ્તો વાપરવા માટે સ્વતંત્ર છો. કેન્દ્રને લાગે છે કે ટ્વિટરે તરત જ તેના આદેશો માનવા જોઈએ. સૂત્રોએ કહ્યું કે, જો કે ખચકાટ અનુભવતા અથવા અનિચ્છા દર્શાવતા આમ કરે છે અથવા આદેશ માનવામાં ૧૦-૧૨ દિવસ લગાવે છે તો તેને પાલન કર્યું ન કહી શકાય.

### જંગમાં ઝુકાવ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ તાલુકામાં જિલ્લા પંચાયતની સાત બેઠકો માટે આજે ૩ ઉમેદવારી પત્રો ભરાયા છે. માણસામાં પણ આજે વધુ એક ઉમેદવારી પત્ર ભરાયુ છે. જિલ્લામાં આ મહત્વના ચૂંટણી જંગમાં આ વખતે જે રીતે ઉમેદવારી પત્રો લઈ જવાયા છે અને બે દિવસનો સમય બાકી છે ત્યારે આ જંગ બહુકોણીય થશે તે હવે સ્પષ્ટ થઈ ગયુ છે. જો કે સાચુ ચિત્ર તો ૧૩મીએ જ સ્પષ્ટ થશે.

જિલ્લાના રાજકારણમાં આમ આદમી પાર્ટીએ પગ પેસારો કર્યો છે. આને લઈ પણ જિલ્લામાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

આજે અમાસ હોવાથી કેટલાક ચૂંટણી લડવા ઉત્સુકોએ ઉમેદવારી પત્ર ભરવાનું ટાળ્યુ હતુ તેવી વાતો પણ થવા લાગી છે.

આજે ભરાયેલા ઉમેદવારી પત્રો સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૩ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

### સીટી બસ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસ સેવાને યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હતો અલબત્ત મિની બસ ન હોવાના લીધે સમય જતા આ બસ સેવા ઠપ્પ થઈ ગઈ હતી. જયારે હવે કોર્પોરેશન કક્ષાએથી સેકટરોમાં બસ સેવા શરૂ કરવા નિર્ણય લેવાયો છે. ત્યારે આ મામલે સ્થાનિક સંસ્થાઓ પાસેથી સુચનો પણ મંગાવ્યા હતા જે મુજબ શહેર વસાહત મહામંડળે પણ સીટી બસ શરૂ કરવા માટે મિનીબસનો ઉપયોગ કરવા માટે સુચન કર્યુ છે. આ ઉપરાંત ટાઈમટેબલ અને રૂટ પણ સુચવ્યા છે. પરંતુ કોર્પોરેશને નક્કી કરેલા રૂટ મુજબ નાગરિકોના સુચનને ધ્યાને લેવાયા ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. ત્યારે મિનીબસ દોડાવવા પણ સુચન કરાયુ છે. જેમાં મિનીબસના અભાવે આ સેવા અસરકારક પુરવાર ન થાય તેવી પણ સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.

### કામ બંધ રાખશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યો છે. સ્ટીલ, સિમેન્ટ, ગ્રીટ ,કપચી, સિમેન્ટ બ્લોક, પેવર્સ, ઈંટો તેમજ સેનેટરી આઈટમના ભાવો પણ વધી ગયા છે. જેનાથી બાંધકામની પડતર કિંમત પણ વધી છે. આ સ્થિતિ વચ્ચે સમગ્ર દેશમાં બાંધકામ વ્યવસાયકારો દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. જયારે આ ભાવવધારાના લીધે છુટક બિલ્ડરોએ વેચાણ કિંમતમાં ૧૫ થી ૨૦ ટકાનો ભાવ વધારો અમલમાં મુકવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

આ કૃત્રિમ ભાવવધારાના વિરોધમાં એસોસિએશન કક્ષાએથી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ એક દિવસ માટે સાઈટ ઉપર કામ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. જયારે આ ભાવવધારાના લીધે છવાડાના માણસને સસ્તા મકાનો આપવાની સરકારની યોજનાને પણ વિપરિત અસર પહોંચશે તેવી લાગણી પણ એસોસિએશને વ્યકત કરી છે. આ સ્થિતિને અનુલક્ષી ભાવવધારો પાછો ખેચવા માટે યોગ્ય પગલા લેવા પણ બિલ્ડરોએ માંગણી કરી છે. એસોસિએશન દ્વારા આ અન્વયે કલેકટરને આવેદનપત્ર પણ આપવામાં આવશે.

### હળવે હૈયા ● ચોથા પાનાનું ચાલુ

ગોરનું તરભાણું ભરો ભૈ....
પ્રજાહિત ખરે જ કોલ જોવે ભૈ :
સૌ સૌના રોટલા શેકે, ને ટૂકડા ફેંકે ભૈ...'
'વાહ... વાહ...'
'બીજી સાંભળો :
અરે અરે! ફરી ચૂંટણીનો પડઘમ વાગ્યા,
જુઓ રે જુઓ, સુતેલા બધા વાયદા જાગ્યા...
આવ્યા રે આંગણે મતદાર
તારા મોંઘેરા મહેમાન
દુ:ખ, દર્દ તારા ફરી
એમને પોતાના લાગ્યા.
'સાવ સાચી વાત છે!'
'કવિ કહે છે કે :
મૌનના ક્યાં હિસાબ માંગે છે?
વાયદાની બઝાર રાખે છે
જો મળી ગઈ સત્તા પછી તો તે,
કોઈને ક્યાં જવાબ આપે છે.'
પનુભાઈ, આગળ બીજી કવિતા સાંભળો :
સરઘસ, સભાઓ, ભાષણો ને રેલીઓ,
આવી ગઈ મોસમ પોકળ દાવાઓની
સોંઘવારી, વિકાસ ને બનાવટની વાટો
લો આવી ગઈ મોસમ સપનાં દેખાડવાની'
'જો કે અંકલ, હવે જનતા જાગૃત થઈ છે એટલે'
'પ્રજા પણ છે હુશિયાર, દેખાડશે બધાને દુલાર,
જોશે, જાણશે, સમજશે, મત દશે કરી વિચાર'
'પનુભાઈ, તમે કહો છો એમ પ્રજા સમજીને,
ખોટાં પ્રયત્નોમાં કે નાત-ધર્મની જાળમાં ફસાયા વિના
પૂરો વિચાર કરીને મતદાન કરે તો સારું છે... નહીં તો
ચૂંટણી પોતાની ચોક્કસ
જીતના સરવાળા કરાવે,
વિરોધી ઉમેદવારની હાર માટે
બાદબાકી કરાવે, અપક્ષો ઉભા રાખીને,
મતદાનનો ભાગકાર કરાવે
અને જે જીતે એ પોતાની
સંપત્તિનો ગુણાકાર કરાવે'
આવું જ ચાલવાનું ને
ત્યારે પછી સાલુ લાગી આવે!'